ગાંધી જયંતી નિમિત્તે વહેલી સવારે ભજનો-ગીતોની સુરવલીઓ રેલાશે

# કલાગુર્જરી દ્વારા પ્રતિવર્ષની જેમ 'પીડ પરાઈ જાણે રે' કાર્યક્રમ યોજાશે




ગાંધીનગર, તા. ૩૦

કલાગુર્જરી, ગાંધીનગર દ્વારા ગાંધી જયંતી નિમિત્તે સૂર અને શબ્દથી ગાંધી ભાવવંદનાના કાર્યક્રમ 'જે પીડ પરાઈ જાણે રે'નું આયોજન પ્રતિવર્ષની જેમ આ વર્ષે પણ કરવામાં આવ્યું છે.

સંસ્થાના પેટ્રન મહેન્દ્રભાઈ ત્રિવેદીએ આ અંગેની એક અખબારી યાદીમાં જણાવ્યું છે કે સમગ્ર વિશ્વ જેના જન્મદિવસને વિશ્વ અહિંસા દિવસ તરીકે ઉજવે છે તેવા યુગપુરુષ મહાત્મા ગાંધીની ૧૫૧મી જયંતી ટાઉનહૉલ સામે ખુલ્લા આકાશ નીચે કુદરતના સાંનિધ્યમાં કરવાનું આયોજન કરવામાં આવ્યું છે. બીજી ઑક્ટોબર ને સવારે ૬.૩૦થી ૮.૩૦ દરમિયાન આ ઉપક્રમ યોજવામાં આવ્યો છે.

જાણીતા કલાકાર પ્રહર વોરા, દર્શના ગાંધી અને સંપદા વોરા દ્વારા ભજનો-ગીતો પ્રસ્તુત કરશે. સૌ ગાંધીપ્રેમીઓને પ્રતિવર્ષની માફક શ્વેત વસ્ત્રોમાં આ કાર્યક્રમ માટે સમયસર ઉપસ્થિત રહેવા માટે તેમણે ઈજન પાઠવ્યું છે.

રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે યોજાયો સત્યની પ્રતિષ્ઠાનો કાર્યક્રમ

# 'અસત્ય પર સત્યનો વિજય'



ગાંધીનગર, તા. ૩૦

સરગાસણ સ્થિત રેડિયન્ટ સ્કૂલ ઑફ સાયન્સ ખાતે વિદ્યાર્થીઓ દ્વારા દશેરા અને ગાંધી જયંતીના સંદર્ભમાં 'અસત્ય પર સત્યનો વિજય' શિર્ષક હેઠળ કાર્યક્રમની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. ખૂબ જ નજીકના સમયમાં આવી રહેલા ઉક્ત બંને તહેવારોમાં રહેલી સામ્યતા 'સત્યનો વિજય'ને ઉજાગર કરી વિદ્યાર્થીઓમાં સત્ય જેવાં મૂલ્યોનું સિંચન કરવાના ઉદ્દેશ સાથે આ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

વિદ્યાર્થીઓએ રામ, સીતા, લક્ષ્મણ, હનુમાન, વાનર સેના, દશરથ, રાવણ, વિભીષણ, કૈકેયી, જાંબવન વગેરે જેવાં પાત્રોની વેશભૂષામાં સજ્જ થઈ કાર્યક્રમને અનુરૂપ રોલ પ્લેની પ્રસ્તુતિ કરી હતી. સંસ્થાના મૅનેજિંગ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જી ટી શનિયારા અને કૅમ્પસ ડિરેક્ટર કમ પ્રિન્સિપાલ જે બી વામજાએ પ્રસ્તુતિ કરનાર તમામ વિદ્યાર્થીઓ અને કાર્યક્રમ તૈયાર કરાવનાર શિક્ષકોને બિરદાવી અભિનંદન પાઠવ્યા હતા તથા જીવનમાં ગમે તેવી વિકટ પરિસ્થિતિમાં પણ સત્યને વળગી રહેવાની નમ્ર અપીલ કરી હતી.

## જન્મદિને વધામણી



**મહેન્દ્રકુમાર બી ગજ્જર**
સેક્રેટરી અને ટ્રસ્ટી
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. ૯૮૨૫૫ ૮૩૮૯૮

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક

ગાંધીનગર મહાનગરપાલિકા તથા નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના ઉપક્રમે યોજાયો

# પ્લાસ્ટિક વેસ્ટ અને પર્યાવરણ જાગૃતિ અંગે સૅમિનાર





ગાંધીનગર, તા. ૩૦

ગાંધીનગર મહાનગર-પાલિકા તથા નિસર્ગ કમ્યુનિટી સાયન્સ સૅન્ટરના ઉપક્રમે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ શ્રી ખીમજી વિસરામ ઍન્ડ સન્સ હૉલ ખાતે પ્લાસ્ટિક વેસ્ટ અંગે જાગૃતિ તથા પર્યાવરણ જાગૃતિ અંગે સૅમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી ઍમ બી પટેલ ગર્લ્સ પ્રાઈમરી સ્કૂલની વિદ્યાર્થિનીઓએ આ સૅમિનારમાં ભાગ લીધો હતો.

વક્તા તરીકે જીપીસીબીના પૂર્વ પીઆરઓ નરેશ ઠાકર અને નિસર્ગના મૅનેજિંગ ટ્રસ્ટી ડૉ. અનિલભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે પ્લાસ્ટિકના વપરાશથી પર્યાવરણ ઉપર કેટલી ખતરનાક અસરો થાય છે તેની વિસ્તારપૂર્વક ચર્ચા કરી હતી અને બને ત્યાં સુધી ઈકો ફ્રેન્ડલી વસ્તુઓનો વપરાશ વધારવો જોઈએ એવી સલાહ આપી હતી.

ધોરણ-૬થી ૮માં અભ્યાસ કરતી ૮૩૩ વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ પ્લાસ્ટીક નામના રાક્ષસને જડમૂળથી ઉખેડી નાખવાની પ્રતિજ્ઞા લીધી હતી.

આચાર્ય નીરૂબેન પટેલે વક્તાઓનો અભાર માની શાળા દ્વારા મહત્તમ સહકારની ખાતરી ઉચ્ચારી હતી. સૅમિનારનું આયોજન સ્કૂલનાં સુપરવાઈઝર સંગીતાબેન પટેલ દ્વારા અને સંચાલન ચંદ્રકાંતભાઈ એ પટેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

## ખેલ મહાકુંભમાં આર ઍન સ્કૂલ ઝળકી

ગાંધીનગર, તા. ૩૦

ખેલ મહાકુંભની વિવિધ સ્પર્ધાઓમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી આર ઍન પટેલ પ્રાઈમરી સ્કૂલના વિદ્યાર્થીઓએ ઉજ્જવળ દેખાવ કરી વિજેતાપદ મેળવ્યું હતું અને રાજ્યકક્ષાની સ્પર્ધા માટે પોતાની પસંદગી નિશ્ચિત કરી હતી.

ઍથ્લેટિક્સની રમતો દોડ, કૂદ અને ગોળાફેંકની સ્પર્ધામાં અન્ડર-૯ વિભાગમાં નૈતિક પટેલ, અન્ડર-૧૧ વિભાગમાં પૃથા પટેલ, યજ્ઞ પટેલ, અન્ડર-૧૪ વિભાગમાં તૃષિક કટારા, જીયા પટેલ, કશિશ પટેલ, ખુશી નિનામા અને જિજ્ઞેશ બારીયા વિજેતા બન્યા હતા.

આચાર્ય દશરથભાઈ પટેલે શાળા પરિવાર વતી વિજેતા બનેલા સૌ વિદ્યાર્થીઓને બિરદાવી શુભકામના પાઠવી હતી.

ડૉ. રિઝવાન કાદરી લિખિત

# 'મહાત્માની પરિક્રમા' પુસ્તકનું વિમોચન આજે અમદાવાદમાં યોજવામાં આવશે

ગાંધીનગર, તા. ૩૦

ડૉ. રિઝવાન કાદરી લિખિત 'મહાત્માની પરિક્રમા' પુસ્તકનું વિમોચન મંગળવારે અમદાવાદ ખાતે યોજવામાં આવ્યું છે.

૧૯૧૫માં મહાત્મા ગાંધીનું હિંદ પ્રત્યાગમન યુગપરિવર્તક ઘટના છે. ગાંધીજીએ હિંદદર્શન અને લોકકલ્યાણની ભાવનાથી ૩૪,૩૬૧ કિમીની પૂજ્યભાવે પરિક્રમા કરી હતી, તેનું ઐતિહાસિક દૃષ્ટિબિંદુથી વિશ્લેષણ ડૉ. કાદરી દ્વારા પુસ્તકમાં કરવામાં આવ્યું છે.

મહાત્મા ગાંધી અને સરદાર પટેલના મિલન સ્થળ - ગુજરાત કલબ, ભદ્ર, અમદાવાદ ખાતે ૧લી ઑક્ટોબર ને મંગળવારે સાંજે ૪.૪૫ કલાકે આ માટે સમારોહનું આયોજન કરવામાં આવ્યું છે, જેના અધ્યક્ષસ્થાને આચાર્ય પુરુષોત્તમપ્રિયદાસજી અને વક્તા તરીકે રાજ્યના મુખ્ય ચૂંટણી કમિશનર સંજયપ્રસાદ ઉપસ્થિત રહેશે. મોહનદાસ ગાંધીને મહાત્મા બનાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવનારા શેઠ મંગળદાસ ગિરધરદાસ, શેઠ અંબાલાલ સારાભાઈ, સરદાર વલ્લભભાઈ પટેલ, ડૉ. હરિપ્રસાદ દેસાઈ, પ્રિતમરાય દેસાઈ, બૅરિસ્ટર જીવણલાલ દેસાઈ, મહાદેવ દેસાઈ, ડાહ્યાભાઈ મહેતા, સુરેન્દ્ર મેઢ, રમણભાઈ નીલકંઠ, દુદાભાઈ દાફડા, કાળીદાસ ઝવેરી, કવિ ન્હાનાલાલ, કવિ નરસિંહરાવ ભોળાનાથ, કાકાસાહેબ કાલેલકર, રવિશંકર મહારાજના વંશજો આ પ્રસંગે ખાસ ઉપસ્થિત રહેશે.

ગાંધીનગર અને અમદાવાદના કલાકારો દ્વારા સાંસ્કૃતિક આદાન-પ્રદાન માટે

# અમદાવાદમાં બેઠા ગરબા યોજાયા




ગાંધીનગર, તા. ૩૦

ભારતીય વિદ્યા ભવન અને ઈન્ફોસિસ ફાઉન્ડેશન, બૅંગલોર દ્વારા રચાઈ રહેલ "કલ્ચરલ આઉટરીચ પ્રોગ્રામ" શ્રેણી અંતર્ગત વિવિધ સાંસ્કૃતિક આદાન પ્રદાનના ભાગરૂપે બેઠા ગરબા ના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું.

નવરાત્રિના મૂળમાં જે શક્તિ ભક્તિની ભાવના રહેલી છે તે પ્રાચીન કાળમાં તો મૂળે બેઠા ગરબા સ્વરૂપે જ હતી. પરંતુ ૧૯૬૦ પછી ફરતા ગરબાનું ચલણ થયું. બેઠા ગરબાએ નાગર જ્ઞાતિની વિશેષતા છે. જે સદીઓથી સચવાઈ આવી છે. આ સંસ્કૃતિ અન્ય લોકો સમજી શકે અને માણી શકે તેવા મૂળભૂત હેતુ થી ભવન્સ દ્વારા બેઠા ગરબાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં જાણકાર કલાકારો ઉપરાંત દર્શકોએ પણ રસભેર ગરબા ગાવામાં ભાગ ભજવ્યો હતો તેમજ આ પ્રકારનું સાંસ્કૃતિક આદાન પ્રદાન સતત થાય અને ગુજરાતની ઓળખ સમી પ્રથાઓ તેના મૂળ સ્વરૂપમાં સતત પ્રસ્તુત થતી રહે તેવા ભાવને આવકાર્યો હતો.

આ કાર્યક્રમમાં ગાંધીનગરના 'રણકાર' ગૃપના કલાકાર કેયૂર વોરા, કિનાર રાણા, ઉષ્મા હાથી, કૃતજ્ઞા વસાવડા, કવિતા બક્ષી, નિરાલી વસાવડા વગેરે દ્વારા "અલબેલા તેજનાં અજવાળાં' જેવો અતિ પ્રાચીન ગરબો થોડા અલગ ઢાળ અને સૂર સાથે રજૂ કરાયો અને ત્યાર બાદ 'મંગળ વરસે' જેવા જાણીતા ગરબાને પણ દાદ અપાવડાવી. તો અમદાવાદના જ બેઠા ગરબાના ખૂબ જાણીતા ગૃપના સભ્યો ધ્રુતિબેન ઝાલા, જલ્પાબેન દેસાઈ, હિનાબેન કચ્છી, નિપાબેન દેસાઈ, કૃષ્ણાબેન દેસાઈ, રૂપેન કીકાણી દ્વારા શાસ્ત્રીય અને સુગમ સગીતના સુમેળને ચાર રચનાઓ દ્વારા રજૂ કરવામાં આવી હતી. તો જાણીતા પીઢ ગાયિકા નિહારિકાબેન અને પંક્તિ વોરા દ્વારા સ્તુતિ, ગરબા તેમજ જાણીતી સુગમ સંગીતની રચનાઓ રજૂ કરવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમમાં ભદ્રેશભાઈ વોરાએ તબલાં સંગત કરી હતી. કાર્યક્રમનું સંચાલન હિનાબેન પંડિત દ્વારા કરવામાં આવ્યું હતું.

## રેંટિયાની શોધ

સન ૧૯૦૮ સુધીમાં રેંટિયો કે સાળ મેં જોયાં હોય એવું મને સ્મરણ નથી. છતાં 'હિંદ સ્વરાજ'માં રેંટિયાની મારફતે હિન્દુસ્તાનની કંગાલિયત મટે એમ મેં માન્યું. ને જે રસ્તે ભૂખમરો ભાગે તે રસ્તે સ્વરાજ મળે એ તો સહુ સમજી શકે એવી વાત ગણાય. સન ૧૯૧૫માં દક્ષિણ આફ્રિકાથી દેશમાં આવ્યો ત્યારે પણ મેં રેંટિયાનાં દર્શન તો ન જ કર્યાં. આશ્રમ ખોલ્યું એટલે સાળ વસાવી. સાળ વસાવતાં પણ મને બહુ મુશ્કેલી આવી. અમે બધાં કલમ ચલાવનાર કે વેપાર કરી જાણનાર ભેળા થયા હતા; કોઈ કારીગર નહોતા.એટલે સાળ મેળવ્યા પછી વણાટકામ શીખવનારની જરૂર હતી. કાઠિયાવાડ અને પાલણપુરથી સાળ મળી ને એક શીખવનાર આવ્યો. તેણે પોતાનો બધો કસબ ન બતાવ્યો. પણ મગનલાલ ગાંધી લીધેલું કામ ઝટ છોડે તેવા નહોતા. તેમના હાથમાં કારીગરી તો હતી જ, એટલે તેમણે વણવાના હુન્નરને પૂરો જાણી લીધો, ને એક પછી એક એમ આશ્રમમાં નવા વણકરો તૈયાર થયા.

ગાંધીયાત્રા

અમારે તો અમારાં કપડાં તૈયાર કરીને પહેરવાં હતા. તેથી મિલનાં કપડા પહેરવાનું હવે બંધ કર્યું, ને હાથસાળમાં દેશી મિલના સૂતરમાંથી વણાયેલું કાપડ પહેરવાનો આશ્રમવાસીઓએ ઠરાવ કર્યો. આમ કરવામાં અમને ઘણું શીખવાનું મળ્યું. હિન્દુસ્તાનના વણકરોનાં જીવનની, તેમની પેદાશની, તેમને સૂતર મળવામાં પડતી મુશ્કેલીની, તેમાં તેઓ કેમ છેતરાતા હતા તેની, ને છેવટે તેઓ દિવસે દિવસે કરજદાર થતા હતા તેની ખબર પડી. અમે પોતે તુરત અમારું બધું કાપડ વણી શકીએ એવી સ્થિતિ તો નહોતી જ , તેથી બહારના વણકરોની પાસે અમારે જોઈતું કપડું વણાવી લેવાનું હતું. કેમ કે દેશી મિલના સૂતરનું હાથે વણાયેલું કપડું વણકરો પાસેથી ઝટ મળે તેમ નહોતું.વણકરો સારું કપડું બધું વિલાયતી સૂતરનું જ વણતા હતાં. કેમ કે આપણી મિલો ઝીણું સૂતર નહોતી કાંતતી. આજ પણ પ્રમાણમાં ઝીણું સૂતર તે ઓછું જ કાંતે છે, બહુ ઝીણું તો કાંતી જ શકતી નથી. મહા પ્રયત્ને કેટલાક વણકરો હાથ આવ્યા, જેમણે દેશી સૂતરનું કાપડ વણી આપવાની મહેરબાની કરી. આવણકરોને દેશી સૂતરનું વણેલું કાપડ ખરીદી લેવાની આશ્રમ તરફથી ખોળાધરી આપવી પડી હતી. આમ ખાસ તૈયાર કરાવેલું કાપડ વણાવી અમે પહેર્યું ને મિત્રોમાં તેનો પ્રચાર કર્યો. અમે તો કાંતનારી મિલોના બિનપગાર એજંટ બન્યા.મિલોના પરિચયમાં આવતાં તેમના વહીવટની, તેમની લાચારીની માહિતી મળી. અમે જોયું કે; મિલોનું ધ્યેય પોતે કાંતીને પોતે વણવાનું હતું. તેઓ હાથસાળની ઈચ્છાપૂર્વક મદદગાર નહોતી, પણ અનિચ્છાએ હતી.

આ બધું જોઈને અમે હાથે કાંતવા અધીરા થયા. હાથે ન કાંતીએ ત્યાં લગી અમારી પરાધીનતા રહેવાની એમ જોયું. મિલોના એજંટ બનવાથી અમે દેશસેવા કરીએ છીએ એમ ન લાગ્યું. પણ ન મળે રેંટિયો ને ન મળે રેંટિયો ચલાવનાર.કોકડાં વગેરે ભરવાના રેંટિયા તો અમારી પાસે હતા, પણ તેમની ઉપર કાંતી શકાય એવું તો ભાન જ નહોતું. એક વેળા એક બાઈને કાળિદાસ વકીલ શોધી લાવ્યા.તે કાંતી બતાવશે એમ તમણે કહ્યું. તેની પાસે એક આશ્રમવાસી, જે નવાં કામો શીખી લેવામાં બહુ પ્રવીણ હતાં, તેમને મોકલ્યા; પણ કસબ હાથ ન લાગ્યો.

વખત તો વહેવા લાગ્યો. હું અધીરો બન્યો હતો. ખબર આપી શકે એવા જે આશ્રમમાં ચડી આવે તેમને હું પૂછું. પણ કાંતવાનો ઈજારો તો સ્ત્રીનો જ હતો. એટલે ખૂણેખાંચરે કાંતવાનું જાણનારી સ્ત્રી તો સ્ત્રીને જ મળે. ભરુચ કેળવણી પરિષદમાં મને ગુજરાતી ભાઈઓ સન ૧૯૧૭ની સાલમાં ઘસડી ગયા હતા. ત્યાં મહાસાહસી વિધવા બહેન ગંગાબાઈ હાથ લાગ્યાં. તમનું ભણતર બહુ નહોતું, પણ તમનામાં હિંમત ને સમજણ ભણેલી બહેનોમાં સામાન્ય રીતે હોય છે તેના કરતાં વિશેષ હતાં. તેમણે પોતાના જીવનમાંથી અસ્પૃશ્યતાની જડ કાઢી નાખી હતી, ને તે બેધડક રીતે અંત્યજોમાં ભળતાં ને તેમની સેવા કરતાં. તેમની પાસે દ્રવ્ય હતું, પણ પોતાની હાજતો ઓછી જ હતી.શરીર કસાયેલું હતું ને ગમે ત્યાં એકલાં જતાં મુદ્દલ સંકોચ પામે તેવાં નહોતાં. ઘોડાની સવારી કરવાને પણ તે તૈયાર રહેતાં. આ બહેનનો વિશેષ પરિચય ગોધરાની પરિષદમાં કર્યો. મારું દુઃખ મેં તેમની પાસે મૂક્યું ને દમયંતી જેમ નળની પાછળ ભમી હતી તેમ રેંટિયાની શોધમાં ભમવાનું પણ લઈ મારો ભાર તેમણે હળવો કર્યો.

**સૌજન્ય : સત્યના પ્રયોગો**

# ઓસરીમાં ઘોડા ખેલવવા જેવો ટૂંકી બહરની ગઝલોનો સંચય




ગુજરાતી ગઝલકારોના ગઝલ સંગ્રહો કે સંપાદનોમાં મોટાભાગે મધ્યમ બહરની ગઝલો લખાયેલી વધુ મળે છે. ટૂંકી બહર કે પછી પ્રલંબ બહરમાં આપણે ત્યાં અલ્પ ખેડાણ થયું છે. જો કે અમૃત ઘાયલ, આદિલ મનસૂરી, મનહર મોદી, શેખાદમ આબુવાલા, મનોજ ખંડેરિયા, અદમ ટંકારવી, રાજેશ વ્યાસ મિસ્કીન જેવા શાયરો પાસેથી ટૂંકી બહરની નમૂનેદાર ગઝલો મળી છે. ત્યારે અહમદ ગુલ પાસેથી તો ટૂંકીબ હરની લખાયેલી ૫૦ ગઝલોનો સંચય 'પાંખડી'ની ડૉ. ઍસ ઍસ રાહી દ્વારા નોંધ લેવાઈ છે. તે પછી લાંબા સમયગાળા બાદ આવેલ ટૂંકી બહરના ગઝલસંગ્રહ વિષે જાણવાનું તમને જરૂરથી ગમશે.

'ગઝલાષ્ટમી' કવિ, ગઝલકાર સોલિડ મહેતાની આવી જ ટૂંકી બહરની ગઝલોનો સંચય છે, જેમાં ૪૮ ગઝલો મળે છે.

ટૂંકી બહરની ગઝલોમાં નજાકત અને શેરિયત હાથમાંથી રેશન સરકે તેમ સરકી જાય તેવું ભયસ્થાન રહેલું છે. છતાં સોલિડ મહેતાએ ખૂબ સોલિડ રીતે આ જ્યોતને જલતી રાખવાનો પ્રયાસ કર્યો છે. ટૂંકી બહરની ગઝલ લખવી એ ઓસરીમાં ઘોડા ખેલવવા જેવું નામુમકીન કામ છે એમ કહેવાય છે, જેને આ ગઝલકારે બખૂબી કરી બતાવ્યું છે.




આઠ માત્રાનું આશ્ચર્ય સર્જનાર સોલિડ મહેતાની ગઝલો વિશે ડૉ. હરીશ ઠક્કર કહે છે કે ગઝલના બાહ્ય સ્વરૂપમાં છંદ, રદીફ, કાફિયા અને મત્લાને અનિવાર્ય ગણ્યા છે. ટૂંકી બહર પસંદ કરીને ગઝલ કહેવી, રદિફ કાફિયાની શરત નિભાવવી અને એમાંથી મત્લા કાઢવો મુકં કરોતિ વાચાલં જેવું અઘરું કામ છે. અહીં તો કવિએ આઠ માત્રામાં શબ્દોને બોલતા જ નહીં, સૂરમાં ગાતા કરી દીધા છે.

ધજા ફગફગે
આભ ઝગમગે

સોલિડની ધજા, પરમની અને મરમની ધજા છે. તેમાં માર્મિકતા એટલી સુક્ષ્મ છે અને ભાવ એવા ઊંડાણપૂર્વકના છે કે 'આભ ઝગમગી ઉઠે'. તેથી જ ડૉ. કાંતિ બથવાર કહે છે કે 'ગઝલાષ્ટમીની ગઝલો ટૂંકી બહરમાં સર્જાઈ છે. આ કોઈ કરવા ખાતર કરેલો પ્રયોગ નથી. પરંતુ કવિનું ભાવવિશ્વ અને કવિત્વ એમાં ઠર્યું છે. આ સંગ્રહની ગઝલોમાં કવિ માનવ સ્વભાવ, ભાવજગતની આંટીઘૂંટીઓ, જાત સાથે થતા સરવાળા-બાદબાકી, બુદ્ધિ અને હૃદય વચ્ચેનો ગજગ્રાહ, વ્યક્તિત્વ અને અસ્તિત્વની ભ્રાંતિઓ ને કાવ્યમાં મઢી છે. અભિવ્યક્તિના મરોડ, અરૂઝની સફાઈ, મિજાજ અને સરળ બાનીથી સિદ્ધ થતું કાવ્યતત્ત્વ આ સંગ્રહની ગઝલોની વિશેષતા છે.'

સોલિડ મહેતાની લગભગ બધી જ ગઝલોમાં ભાવાત્મક એકસૂત્રતા છે. આ કરામત કરી તેમણે ટૂંકી બહરની મર્યાદાને જીતી લીધી છે.

'ગઝલાષ્ટમી' સંગ્રહના સર્જક સોલિડ મહેતા પાસેથી છ કાવ્યસંગ્રહો, ચાર ગઝલસંગ્રહો આપણને મળ્યા છે. ગૂર્જરી ગઝલના આ ગઝલ પ્રવાસીનો ગઝલપ્રવાસી વણથંભ્યો આગળ વધે તેવી શુભેચ્છા સાથે આવકારું છું.

ગઝલાષ્ટમી (ગઝલસંગ્રહ)
લેખક : સોલિડ મહેતા
પ્રકાશક : વિશ્વગાથા, સુરેન્દ્રનગર
પ્રથમ આવૃત્તિ, ૨૦૧૯ ● કિંમત રૂા. ૧૦૦/-